
# પલ્પ ફિક્શનનો પાઠક યુગ : 300 હિન્દી પોકેટ બુક્સ પાછળનો ક્રાઈમ કિંગ

ફાયરવોલ
રાજ ગોસ્વામી

આજકાલ એમેઝોન મેક્સ પ્લેયર પર 'વિમલ ખન્ના' વેબ સીરિઝ ધૂમ મચાવી રહી છે. તેમાં સુરિન્દર સિંહ સોહલ નામનો એક સાધારણ એકાઉન્ટન્ટ ખોટી રીતે તેના ભાઈની હત્યામાં ફસાઈ જાય છે. તે જીવ બચાવવા માટે ભાગી જાય છે અને વિમલ ખન્ના બની જાય છે. તે અમૃતા દાસ નામની એક અમીર વારસદારના નિવાસસ્થાને તેના અપંગ પિતાના સેવક તરીકે નોકરી મેળવે છે.



તેના એક એપિસોડમાં એક દિલચસ્પ દ્રશ્ય છે. વિમલ તે પથારીવશ બુઝુર્ગનું મનોરંજન કરવા માટે એક હિન્દી રહસ્યકથા વાંચી સંભળાવે છે. તે પુસ્તકનું નામ છે 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર.' આ પુસ્તકમાં એક લૂંટ કેસની વાત હતી. પોલીસની નજરમાં આ દીવા જેવો કેસ હતો અને અપરાધી વિરુદ્ધ જડબેસલાક પુરાવા હતા પરંતુ પ્રેસ રિપોર્ટર સુનીલની દખલઅંદાજી પછી પોલીસને કેસમાં બીજાં જ સગડ મળે છે.

વેબ સીરિઝમાં આ દ્રશ્ય કેમ દિલચસ્પ છે? કારણ કે આ જે રહસ્યકથાની વાત થાય છે, તે 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર,' હિન્દી પોકેટ બુક્સની દુનિયાના બેતાજ બાદશાહ સુરેન્દ્ર મોહન પાઠકની પહેલી નવલકથા છે, જે 1963માં પ્રગટ થઈ હતી અને આ દ્રશ્ય જેમાં આવે છે તે 'વિમલ ખન્ના' પણ સુરેન્દ્ર મોહન પાઠકની સૌથી લોકપ્રિય 'વિમલ જાસૂસી સીરિઝ'નું વેબ વર્ઝન છે.

હિન્દી પોકેટ બુક્સની દુનિયામાં સુરેન્દ્ર મોહન પાઠકની લોકપ્રિયતા કેટલી બરકરાર છે તે આ એપિસોડ પરથી ખબર પડે છે. 1963થી શરૂ કરીને પાઠકે અનેક જાસૂસોને જન્મ આપ્યા હતા. જેમ કે સુનીલ, સુધીર, જીત સિંહ, પ્રમોદ, મુકેશ માથુર, વિવેક અગાશે વગેરે. એમાં સૌથી લાડકો બન્યો હતો વિમલ ખન્ના જેને કેન્દ્રમાં રાખીને તેમણે કુલ 48 વાર્તાઓ લખી છે. વેબ સીરિઝમાં તેનો આ પહેલો અવતાર છે.

86 વર્ષના પાઠક અત્યારે ઉત્તર પ્રદેશના નોઈડામાં પરિવાર સાથે રહે છે, તેમની દંતકથા બની ગયેલી સુનીલ અને વિમલ સીરિઝમાં વાર્તા લખે છે. પાઠક કેમ સૌથી સફળ હિન્દી પોકેટ બુક્સ લેખક ગણાય છે તેના થોડા આંકડાઃ તેમણે 300થી વધુ નવલકથાઓ લખી છે. તેમનું એક પણ પુસ્તક 40 હાજરથી ઓછી નકલોમાં છપાતું નથી. તેમની વિમલ સીરિઝની 42 પોકેટ બુક્સ લગભગ એક કરોડથી વધુ વેચાઈ છે. તેમની સુનીલ સીરિઝ હેઠળ 122થી વધુ પુસ્તકો આવી ગયાં છે. તેઓ દર વર્ષે ચારથી પાંચ પુસ્તકો લખે છે.

પોકેટ બુક્સ એટલે જે ખિસ્સામાં આવી જાય. તે લોકો બસ, ટ્રેન કે પ્લેનમાં લાંબો પ્રવાસ કરતા હોય, ત્યારે ટાઈમ પાસ કરવા માટે 'સસ્તી' ચોપડીઓ વાંચતા. અંગ્રેજીમાં તેને એરપોર્ટ અથવા પલ્પ ફિક્શન પણ કહેવાય છે. દ્વિતીય મહાયુદ્ધમાં પલ્પ ફિક્શનને બહુ વાચકો મળેલા. તે વખતે કાગળ પર અંકુશ મુકાઈ ગયેલો એટલે પ્રકાશકોએ સસ્તા કાગળ પર ચોપડીઓ છાપવાનું શરૂ કરેલું. બીજું, લેખકોને પણ યુદ્ધની યાતનામાંથી અનેકાનેક કહાનીઓ સૂઝવા લાગેલી. એ પછી લોકો વિમાનોમાં ઊડાઊડ કરતા થયા એટલે એરપોર્ટ પર આવી ટાઈમપાસ ચોપડીઓ પણ બહુ વેચાવા લાગી.

ભારતમાં એ. એચ. વ્હીલર એન્ડ કંપનીએ રેલવે બુક સ્ટોલ પર આવી ચોપડીઓને લોકપ્રિય બનાવી દીધી હતી. 1950માં અલ્હાબાદમાંથી અકરમ અલ્લાબાદી નામનો લેખક ઉર્દૂમાં 'જાસૂસી પંજા'નામની પત્રિકા બહાર પાડતો હતો, એના પરથી પ્રેરણા લઈને ડાયમંડ બુક્સે 1958માં એક રૂપિયાની પુસ્તક સીરિઝ શરૂ કરી હતી. તે પછી હિન્દી પોકેટ બુક્સે જથ્થાબંધ લૂગદી સાહિત્ય છાપવાનું શરૂ કર્યું. એમાંથી જ લોકોને રેલવે તથા બસ ડેપોના બુક સ્ટોલ્સ પર ગુલશન નંદા, વેદ પ્રકાશ શર્મા, રાનૂ, રાજવંશ, ઓમપ્રકાશ અને કર્નલ રણજિત જેવાં નામો વાંચવા મળ્યાં. એમાંનું જ એક નામ એટલે સુરેન્દ્ર મોહન પાઠક.

1947માં પરિવાર સાથે લાહોરથી હિજરત કરીને દિલ્હી આવેલો સુરેન્દ્ર મોહન પાઠક નામનો છોકરો મજબૂરીમાં લેખક બની ગયેલો. 1964માં તે દિલ્હી જેવા ખર્ચાળ શહેરમાં ઈન્ડિયન ટેલિફોન કંપનીમાં 200 રૂપિયાની નોકરી કરતો હતો. એ વખતે તેણે એક્સ્ટ્રા પૈસા માટે ઈઆન ફ્લેમિંગની જેમ્સ બોન્ડ અને જેમ્સ હેડલી ચેઝની કથાઓને હિંદીમાં અનુવાદિત કરવાનું કામ શરૂ કરેલું. એમાં ને એમાં પાઠકને ક્રાઈમ અને જાસૂસી પર એવો હાથ બેસી ગયો કે પોતાની 'જેમ્સ બોન્ડ સીરિઝ' ચાલુ કરી. આ અદ્દલ અશ્વિની ભટ્ટ જેવું.

એક વાર તેમણે કહ્યું હતું, 'હું દાયકાઓથી નિયમિત લખતો રહ્યો છું. 34 વર્ષની નોકરીમાં મેં માત્ર ત્રણ જ વાર રજા લીધી હતી. એક વાર મારા લગ્ન માટે, બીજી વાર માતાનું અવસાન થયું ત્યારે, અને ત્રીજી વાર પિતાજી ગયા ત્યારે. રવિવારે ઓફિસ બંધ હોય એટલે હું સવારે સાત વાગ્યાથી લઈને રાતના બાર સુધી લગાતાર લખતો. ના હું કોઈને મળતો કે ના હું ક્યાંય જતો.'

મશહૂર અંગ્રેજી ચોપડીઓનો હિન્દી અનુવાદ કરીને આખા ને આખા પ્લોટ કે પાત્રોની 'તફડંચી' કરવાનું શીખીને લોકપ્રિય થઈ ગયેલા સુરેન્દ્ર મોહન પાઠક એ હકીકતને ગર્વથી બયાન કરે છે કે એમની હિન્દી ચોપડીઓના હવે અંગ્રેજીમાં અનુવાદ થાય છે. પાઠકની શોહરતનું અનુમાન એના પરથી પણ લગાવી શકાય છે કે 2010માં ટાઈમ પત્રિકાએ એમને 'પલ્પ ફિક્શન માસ્ટર' જાહેર કર્યા હતા.

પાઠકનું હિન્દી, ઉર્દૂ, પંજાબી અને અંગ્રેજી એટલું સરળ, સીધું અને શાનદાર છે કે ટેલિવિઝનના પત્રકારોને હિન્દી 'ઠીક' કરવા માટે સુરેન્દ્ર મોહનને વાંચવાની સલાહ અપાય છે. પાઠકે તેમની પહેલી ટૂંકી વાર્તા 1959માં લખી હતીઃ 57 સાલ પુરાના આદમી. 1963માં 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર' અને 1969માં પહેલી પૂરા કદની નવલકથા 'ઓપરેશન બુડાપેસ્ટ' આવી.

**હું દાયકાઓથી નિયમિત લખતો રહ્યો છું. 34 વર્ષની નોકરીમાં મેં માત્ર ત્રણ જ વાર રજા લીધી હતી. એક વાર મારા લગ્ન માટે, બીજી વાર માતાનું અવસાન થયું ત્યારે અને ત્રીજી વાર પિતાજી ગયા ત્યારે. રવિવારે ઓફિસ બંધ હોય એટલે હું સવારે સાત વાગ્યાથી લઈને રાતના બાર સુધી લગાતાર લખતો**

એ પછી 'પીલા ગુલાબ,''સફેદ ખૂન' અને 'નીલી તસવીર' જેવાં અજીબો ગરીબ ટાઈટલો ધરાવતાં ટેક્નિકલર જેકેટ્સની ભરમાર લાગી ગઈ. 30થી 50 રૂપિયાની આ ચોપડીઓમાં પાઠક બ્રાન્ડની હત્યા, સેક્સ અને જાસૂસીની વાર્તા પૂરા ભારતમાં વેચાતી હતી અને તેના માટે પાઠકને ચાર લાખ રૂપિયા એડવાન્સમાં મળતા હતા.

દસેક વર્ષ પહેલાં તેઓ પૂર્વ દિલ્હીના ક્રિષ્ણા નગરમાં રહેતા હતા. તે વખતે એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, 'હું હાથમાં પેન ન પકડું ત્યાં સુધી કોઈ વાક્ય ન સૂઝે. કોમ્પ્યુટર તો ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવા છે, લખવા માટે નહીં.' જન્મથી જ આંશિક બધિરાંધ સુરેન્દ્ર મોહન પાઠકે અભિમાનથી કહ્યું હતું કે કે તેમના ગયા પછી ભારતમાં ક્રાઈમ ફિક્શન નહીં રહે. 'મારા કારણે આ ઈન્ડસ્ટ્રી ચાલે છે' એવું તેમણે કહ્યું હતું.

ઉપર જેમ 'વિમલ ખન્ના'સીરિઝના એક દ્રશ્યની વાત કરી, એવો જ એક દિલચસ્પ કિસ્સો પાઠક સાથે પણ થયો હતો. એક વાર તેઓ શેરિંગમાં મેરઠ જઈ રહ્યા હતા. તેમની સાથે ટેક્સીમાં એક માણસ તેમની જ એક પોકેટ બૂક વાંચી રહ્યો હતો. તેઓ સંકોચવશ તેની સાથે વાત ન કરી શક્યા, અને પેલો બસ સ્ટેન્ડ આવ્યું એટલે ઊતરી ગયો. 'તમે એને કેમ ન પૂછ્યું કે વાર્તા કેવી છે'ના જવાબમાં પાઠકે હસીને કહ્યું હતું, 'તેણે વાર્તા બેકાર છે એવું કહ્યું હોત તો?'

# શિક્ષણ-સમસ્યા વિશે મીટિંગ

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

છેલ્લા થોડા સમયથી શિક્ષણક્ષેત્ર ગરમાગરમ ચર્ચામાં છે. એક પછી એક કાંડ અને કૌભાંડને કારણે કોક્રોચ જનતા પાર્ટીવાળા સહિત ઘણા લોકો શિક્ષણમંત્રીનું રાજીનામું માગી રહ્યા છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે બોલાવવામાં આવેલી એક કાલ્પનિક મીટિંગનો અહેવાલ.




(છ-સાત અધિકારીઓ ટેબલની ફરતે બેસીને મોબાઈલમાં કંઈક જોઈ રહ્યા છે. અચાનક સાહેબ દાખલ થાય છે.)

સાહેબઃ (જરા ખીજાઈને) હજુ તમે લોકો રીલો જોઈ ખાવ છો. સિરીયસ ક્યારે થશો? લોકો આપણાં રાજીનામાં માગે છે.

ખૂણામાંથી અવાજઃ આપણાં નહીં સાહેબ, તમારાં. લોકો આગળ ફાંકાફોજદારી તમે કરો છો.

સાહેબઃ (ટેબલ પર મુઠ્ઠી પછાડીને) કોણ ઘૂસી ગયું છે આપણી ઈન્ટરનલ મીટિંગમાં? બહાર કાઢો એને.

અધિકારી 1: ક્યાંક આપણી જ રીલ ઉતારી, એટલે કે બનાવી, ન દે.

અધિકારી 2: હવે ગભરાવાના જમાના ગયા સાહેબ. મને તો જ્યારે જ્યારે બીક લાગે ત્યારે હું ગોદી મીડિયાના કોઈ એન્કરને સાંભળી લઉં કે પછી કોઈ ભ.., આઈ મીન, સમર્થકનું-દેશપ્રેમીનું એકાઉન્ટ જોઈ લઉં. તેમાં જે રીતે બચાવની દલીલો કરવામાં આવી હોય એ જોઈને આપણને પ્રેરણા મળે. થાય કે ઓહો, અંદરખાને આપણે જેને ભયંકર લોચો માનીએ છીએ, તેનો આટલો જોરદાર અને આટલી બેશરમીથી બચાવ પણ થઈ શકે?

અધિકારી 3: (ગૌરવથી) બેશરમીની પ્રેરણા માટે બહાર જોવાની ક્યાં જરૂર છે. આપણે તો (સાહેબ સામે જોઈને) ઘેર બેઠાં ગંગા છે.

અધિકારી 4: પાછા આપણે મુદ્દા પર આવીએ? કોઈ આપણી રીલ ઉતારી લે ને પછી લીક કરી દે એ શક્યતા તો છે જ.

(સાહેબ તેમના પ્રિય અધિકારી સામે જુએ છે.)

પ્રિય અધિકારીઃ રીલ લીક થવાથી બદનામી થાય, તો સામે સો રીલ ખડકીને બદનામી ઉડાડી દેવાની. આટલો ડેમેજ કન્ટ્રોલ નહીં શીખો તો અમૃતકાળમાં ઝેર ખાવાનો વારો આવશે.

સાહેબઃ તમે લોકો બોલો છો બહુ ને કામ ઓછું કરો છો.

ખૂણામાંથી અવાજઃ બધા ઉપર જોઈને જ શીખે ને?

(સાહેબ ફરી ગુસ્સે થઈને અવાજની દિશામાં જુએ છે, પણ કોઈ દેખાતું નથી.)

પ્રિય અધિકારીઃ એટલે સાહેબના કહેવાનો મતલબ એમ છે કે આટલું બધું થયું છે તો હવે કંઈક કરવું પડશે. હવે તો કંઈક કરવું પડશે. હવે કંઈક કરવું પડશે, નહીં તો...

સાહેબઃ નહીં તો પછી મોટા સાહેબને કેસ સોંપવો પડશે. એ ક્યાંક જઈને કોઈને ચોકલેટ-બોકલેટ આપી આવશે કે ભેળપુરી ખાઈ આવશે, ત્યારે લોકોનું ધ્યાન બીજે જશે, પણ એમની પાસે એમનાં આવાં કામનું એટલું લાંબું લિસ્ટ છે કે બિચારાને પૂરું ઉંઘવા પણ નથી મળતું. તેમને ક્યાં તકલીફ આપવી.

અધિકારી 2: તમે આવ્યા ત્યારે અમે પેલા છોકરાની જ વીડિયો જોતા હતા--આપણી સિસ્ટમની જે ખામીઓ બતાવી છે ને તે... અને વિચારતા હતા કે આનો શો જવાબ આપવો.

અધિકારી 3: મને તો થાય છે કે તેને જ અહીં બોલાવી લેવો જોઈએ ને કહી દેવું જોઈએ કે બહુ હોંશિયારી કરું છું તો લે, તું જ ચલાવી બતાવ.

અધિકારી 4: ના, ના, 'નાયક' ફિલ્મ જોયા પછી આવું જોખમ લેવાય જ નહીં. ગમ્મતમાં પણ નહીં...

સાહેબઃ એ તો બધું પિચ્ચરમાં થાય. અહીં આવીને તો ભલભલા અહીંના જેવા જ થઈ જાય. તમે લોકો પણ આમ તો અધરી અધરી પરીક્ષાઓ પાસ કરીને જ અહીં આવ્યા હશો ને ત્યારે તમે પણ એ છોકરા જેવા જ હોંશિયાર હશો ને...

પ્રિય અધિકારી.: આપણે આપણી હોંશિયારી બતાવી દેવાની છે અને એ સાબિત કરી દેવાનું છે કે...

અધિકારી 3: (ગાય છે) ઓલ ઈઝ વેલ...ઓલ ઈઝ વેલ...

પ્રિય અધિકારીઃ એ તો કહી દીધું છે પ્રિન્સિપાલોને, પણ એ કંઈ ગાતાં ગાતાં ન બનાવાય. પોતાની ઓફિસમાં બનાવવી પડે. એ બનાવીને મૂકી પણ દીધી

ખૂણામાંનો અવાજઃ ...ને ટીકા થઈ એટલે કેટલાકે કદાચ ઉતારી પણ લીધી.

સાહેબઃ (ભવાં તંગ કરીને) તમને લોકોને કંઈ સંભળાતું નથી?

બધા અધિકારીઓ સમૂહમાંઃ અરે હોય, સાહેબ? તમે બોલો છો એ સંભળાય છે. અમે બોલીએ એ પણ...

સાહેબઃ એ સિવાય?

અધિકારી 1: બહાર વાગતું ડીજે...

સાહેબઃ એમ નહીં, જેટલા અહીં બેઠા છે એ સિવાયનું કંઈ...

અધિકારી 4: ઓહો...તો તમને પણ એવું શરૂ થઈ ગયું.

સાહેબઃ એટલે? આવું પહેલાં પણ...

અધિકારી 2: હા સાહેબ. આ રૂમમાં કંઈક પ્રોબ્લેમ છે. એક વાર તો અમે કથા ને યજ્ઞ પણ કરાવ્યાં.

અધિકારી 3: કેટલાક લોકોને અહીં વચ્ચે વચ્ચે તેમના અંતરાત્માનો અવાજ સ્પષ્ટ સંભળાવા લાગે છે.

અધિકારી 4: ધારો કે આપણો અંતરાત્મા ન હોય ને ભૂલેચૂકે બીજા કોઈનો હોય તો એનો અવાજ પણ સંભળાઈ જાય.

સાહેબઃ ઠીક છે. આપણી ઈમેજના ડેમેજ-કન્ટ્રોલનું તો જોઈ લેવાશે. આપણી સરકારની એમાં તો માસ્ટરી છે, પણ અંતરાત્માના અવાજ સંભળાવા લાગે તો પછી રાજ શી રીતે કરવું? (પ્રિય અધિકારીને) તાત્કાલિક આ રૂમમાં સ્ટોર રૂમ બનાવી દો અને મિટીંગ માટે એક નવો, હાઈ ટેક રૂમ બનાવો.

ખૂણામાંનો અવાજઃ ...મારા ભત્રીજાએ હમણાં જ મિટીંગ રૂમ માટેની સાધનસામગ્રીનો ધંધો શરૂ કર્યો છે...

(એ સાંભળીને બધા ચા પીવા પણ રોકાયા વિના, ઉતાવળે વિખરાઈ જાય છે.)

## ઈશિતાનું અલકમલક

### એક ...દો...તીન્.. ચાર... આજા પિયા કરું તેરા ઈન્તઝાર !



લગ્ન વખતે મોટાભાઈ ગાયબ થઈ ગયા પછી ચોથા ભાઈએ એ કન્યા સાથે લગ્ન તો કર્યા , પણ પછી...

આજકાલ કુદરતનાં બે અદભૂત સર્જન -પુરુષ અને સ્ત્રીને સાંકળતી કે સંડોવતી એવી એવી ઘટનાઓ બની રહી છે કે જે જાણી -વાંચીને આશ્ચર્યચકિત થવું કે હસવું એ તમારે નક્કી કરવાનું ,જેમકે ...

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર - પિપરાડાદ ગામની એક યુવતીના લગ્ન એના પિતાએ બાજુના ગામના એક યુવક સાથે નક્કી કર્યા. યુવતી અને યુવક બન્ને એકબીજાને મળ્યાં અને બેમાંથી એક થવા માટે સંમતિ દર્શાવી. લગ્નના ચોક્ક્સ દિવસે કન્યાવાળા જાનની રાહ જોતા હતા ત્યારે જાણ થઈ કે દુલ્હો તો આગલા દિવસે કોઈને કહ્યા વગર લાપતા થઈ ગયો છે! વેવાઈની ઈજ્જત સાચવી લેવા વરરાજાના પિતાએ પોતાના બીજા દીકરા સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. કન્યાએ હા પાડી ,પણ લગ્નની આગલી સાંજે જ બીજા નંબરનો દુલ્હો એવો બીમાર પડ્યો કે એને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો પછી પિતાએ એના ત્રીજા નંબરના પુત્રને પરણાવવાનો નિર્ણય જાહેર કર્યો. કન્યા પક્ષે એનો પણ સ્વીકાર્ય કર્યો તો ત્રીજા નંબરના પુત્રને કન્યા ન ગમી. એને ના પાડી પછી પેલા પિતાએ એના ચોથા નંબરના પુત્રને તૈયાર કર્યો અને પુત્ર નંબર ચાર સાથે વાજતેગાજતે લગ્ન સંમ્પન પણ થઈ ગયા. જાનની વિદાયનો સમય થયો ત્યારે વરરાજા નંબર ચારે વહુને સાસરે લઈ જવાની ના પાડી...એનું કહેવું હતું કે એના લાપત્તા મોટાભાઈ (એટલે કે વરરાજ નંબર વન!) નો પત્તો મળશે ત્યાર પછી જ એ પોતાની પરણેતરને સાસરે લઈ જશે!

અત્યારે તો જાન નવી વહુ વગર સાસરે પરત ગઈ છે, પણ હવે આ બધી ગડમથલથી દુલ્હનના પિતા અને પરિવારવાળા એવા ગિન્નાયા છે કે એમણે તાજા વેવાઈ-જમાઈ વિરુદ્ધ પોલીસમાં દગાબાજીની ફરિયાદ ફટકારી દીધી છે!

### આ ઈશ્કબાઝ આરોપી છે કરોડોનો આસામી ...

હમણાં આપણે જોયું- જાણ્યું કે લગ્ન કરવા ઉત્સુક એક કન્યા સમક્ષ ચાર ચાર દુલ્હા આવ્યા,પણ એ કોરી જ રહી. બીજી તરફ, એવા પણ એક શખસનો કિસ્સો બહાર આવ્યો છે, જેની એક નહીં-બે નહીં ,પણ ત્રણ ત્રણ બીબી વત્તા બીજી કેટલીક પ્રેમિકા પણ છે! ના, આ શખસ કોઈ શ્રીમંત નથી, પણ સરકારી એજન્સીમાં કામ કરતો એક એવો પ્યુન છે, જેનાં અનેક બે નંબરી બેન્ક ખાતાઓમાં કરોડાની રકમ જમા છે!

આ ઈસમનું નામ છે ઈલ્હામ શમ્મી. એ ઉત્તર પ્રદેશના પીલીભીતમાં એક સરકારી શિક્ષણ વિભાગના ટ્રેઝરી ખાતાનો પટાવાળો છે. ત્રણ પત્ની અને સંખ્યાબંધ પ્રેમિકાઓના વૈભવી શોખ પૂરા કરી એમની સાથે મોજમઝા કરવા આ ઈશ્કબાઝ ઈલ્હામે પોલીસ તપાસના અહેવાલ મુજબ છેલ્લાં બે વર્ષમાં ૫૩ જેટલાં બેનામી બેન્ક અકાઉન્ટ્સમાં ૯૮ જેટલાં ટ્રાન્ઝેકશ દ્વારા ગોટાળા કરીને સરકારી તિજોરીમાંથી આશરે રૂપિયા ૮ કરોડ સરકાવી લીધા છે. આજે આ ઈશ્કઝાદા ઈલ્હામ શમ્મી પોતે ફરાર છે, પણ એક બીબી સહિત એની સાત માશુકા અત્યારે પોલીસ કસ્ટડીમાં છે!

### બારાતીઓ કા સ્વાગત એક નયે દુલ્હા સે કરો...



વર્ષો પહેલાં પાનમસાલાની એક જાહેરખબર આવતી, જેમાં શમ્મી કપૂર વેવાઈને કહે છેઃ 'બારાતીઓ કા સ્વાગત ..' યાદ છેને?

બસ, એવું જ કંઈક તાજેતરમાં થયું. આ ઘટના મધ્ય પ્રદેશના છિંદવાડની છે. અહીંના મુઝાવર ટાઉનમાં એક ઢળતી સાંજે લગ્ન સમરંભ યોજાઈ રહ્યો છે. કન્યા અને વર પક્ષાના યજમાન-મહેમાન લગ્ન ખંડમાં આ શુભ અવસર માણી રહ્યા છે. બારાતીઓનું સ્વાગત મીઠાઈ-ઠંડાં પીણાંથી થઈ રહ્યું છે. લગ્ન વિધિ શરૂ થવાની તૈયારીમાં છે. સ્ટેજ પર વર-વધૂ એકમેકને પુષ્પોની માળા પહેરાવા તત્પરમાં છે. ગોરમહારાજનો શ્લોક સાથે ઈશારો થતાં સ્મિત સાથે દુલ્હો જયમાળા દુલ્હનને પહેરાવવા એની તરફ આગળ વધે છે ત્યાં દુલ્હન એનો ઘાઘરો ઊંચો કરી જયમાળા સાથે સ્ટેજ પરથી ભાગે છે અને મહેમાનો વચ્ચે ખડા રહેલા એના પ્રેમીને વરમાળા પહેરાવીને એને ભેટી પડે છે! આ નાટકીય દ્રશ્ય જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. કન્યાની આ ચેષ્ટા જોઈને બારાતીઓ ચિઢાયા અને પેલા પ્રેમી પર તૂટી પડ્યા. ચોતરફ જબરો દેકારો મચી ગયો. જાનૈયા અને કન્યાપક્ષ વચ્ચે છૂટ્ટા હાથે 'ઢિશૂમ .. ઢિશૂમ' શરૂ થઈ ગયું. એને રોકવા પોલીસ બોલાવવી પડી. દુલ્હન વગર લીલી તોરણે જાન પરત થઈ અને આ બધી અંધાધૂંધી વચ્ચે નવો પ્રેમી દુલ્હો અને એની માશુકા દુલ્હન મધુરજની માણવા કયાં છટકી ગયા એની કોઈને જાણ સુદ્ધાં ન થઈ!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- આપણી સર્વોચ્ચ અદાલત દેશભરમાં રખડતાં શ્વાનના ત્રાસને અંકુશમાં લેવા ગમે તેટલા ધમપછાડ કરે - નવા નિયમો બનાવે, પણ રખડતાં કૂતરાંની વાંકી પૂછડી સીધી નથી કરી શકતી... છેલ્લાં સમાચાર અનુસાર પાછલાં ત્રણ મહિનામાં એકલા મહારાષ્ટ્રમાં ખૂલ્લેઆમ ભમતાં શ્વાનોએ ૪ લાખ, ૯૯ હજાર ,૫૫૩ લોકોને કરડી ખાધા છે. એમાંથી ૧૯થી વધુ લોકો માર્યા ગયાં છે !
- ભટકતાં શ્વાન જેવો જ ઉત્પાત ડિજિટલ લૂંતારુઓ મચાવી રહ્યાં છે. સરકાર-રિઝર્વ બેન્ક-સાયબર ક્રાઈમ સેલવાળાની સતત ચેતાણી હોવા છતાં નિર્દોષ પ્રજા આજે ખુલ્લેઆમ ઠગાઈ રહી છે. આ વર્ષના પહેલાં ચાર મહિનામાં સાયબર ક્રાઈમમાં એકલા આમચી મુંબઈમાં ૩૮ ટકાનો ધરખમ ઉછાળો આવ્યો છે. આ ચાર મહિનમાં કુલ ૧૫૩૨ કેસ નોંધાયા છે, જેમાંથી પોલીસ માત્ર ૨૬૩ કેસ સફળતાપૂર્વક ઉકેલીને ૧૭૮ અપરાધીને ઝબ્બે કરી શકી છે...

### ઈશિતાની એલચી

**સારું વાક્ય લખનારને પહેલી સલામ, બીજી સલામ એ વાક્યને ટાંકનારાને!!**